# પાક નિષ્ફળ સહાય ચૂકવવામાં સરકારના ઠાગાઠૈયા

## હેકટરે ૯૦૦૦ રૂ.ની સહાયની જગ્યાએ ૬૦૦ થી ૧૮૦૦ રૂ.ની સહાય ચુકવાઈ : આ બાબતે કોંગ્રેસ ધ્વારા ધરણાં યોજ્યા : ડીડીઓને આવેદનપત્ર અપાયું : મુખ્યમંત્રીના પુતળાનું દહન કરાયું

મોડાસા, તા.૩ સને૨૦૧૩-૧૪ માં ખેડુતોનો કમોસમી વરસાદ ને કારણે ખેડુતો ને



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

મોટુ નુકશાન થયુ હતુ જેનુ સરકાર ધ્વારા સર્વે કરાવી વળતર આપવાની જાહેરાત કરવામાં આવી હતી તે વખતે ખેડુતો ને હેકટર દીઠ ૯૦૦૦ રૂ જેટલી પાક નિષ્ફળ ની વળતર ની



રકમ આપવાની જાહેરાત કરી હતી પરંતુ સરકાર ધ્વારા તેના બદલે ૬૦૦ રૂ થી લઈ ને ૧૮૦૦ રૂ જેટલી પાક નિષ્ફળ ની સહાય મંજુર કરી ખેડુતો ની ક્રુર મજાક ઉડાડી હતી તેને લઈ ને આજે અરવલ્લી જીલ્લા કોગ્રેસ અને જીલ્લા પંચાયત ના સદસ્યો ધ્વારા જીલ્લા પંચાયત આગળ ધરણા યોજવા માં આવ્યા હતા.

જગત નો તાત એટલે ખેડુત થોડાક સમય પહેલા કપાસ ના ભાવ ના મળતા ખેડુત ને આપઘાત કરવાનો વારો આવ્યો હતો ખેડુતો અને સરકાર વચ્ચે કપાસ ના ટેકાના ભાવ નકકી કરવા બાબતે પણ ચકમક જરી હતી અને ભારતીય કિસાન સંઘ ધ્વારા આ બાબતે ઠેરઠેર પ્રદશનો પણ યોજવામાં આવ્યા હતા ત્યારબાદ જાણે કુદરત ખેડુતો પર રૂઠી હોય તેમ બટાકા ના ભાવ ન મળતા ખેડુતો ને બટાકા રસ્તા ઉપર ફેકી દેવાનો વારો આવ્યો હતો જયારે બીજી બાજુ કમોસમી વરસાદ અને માવઠા ને કારણે ખેડુતો નો પાક બગડી જતા ખેડુતો ને મોટુ નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો ત્યારે આ આમ કુદરતે મારેલી થપ્પડ ઓછી હોય તેમ સકરાર ધ્વારા પણ સને ૨૦૧૩-૧૪ કમોસમી વરસાદ ને લીધે ખેડુતો ને મોટુ નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો ત્યારે સરકારે તે વખતે પાક નિષ્ફળૃ નુ સર્વે કરી હેકટર દીઠ ૯૦૦૦ રૂપીયા ચુકવવાની જાહેરાત કરવામાં આવી હતી ત્યારે સહાય ચુકતી વખતે સરકાર ધ્વારા ખેડુતો ને ૬૦૦ રૂ થી લઈ ને ૧૮૦૦ રૂપીયા જેટલી સહાય ચુકવી દેડુતો ની ક્રુર મજાક કરી હતી જે બાબ ને લઈ ને આજે કોંગ્રેસ ધ્વારા ખેડુતો ને આ બાબતે યોગ્ય સહાય ચુકવાય તે માટે અરવલ્લી જીલ્લા પંચાયત ખાતે ધરણાં યોજવામાં આવ્યા હતા.

ખેડુતો એ મોટા પાયે પા નિષ્ફળ જવાથી મોટી સહાય મળવાની આશા એ પૈસાખર્ચી ફોર્મ ભર્યા ખેતરો સર્વે કરાયા અને બે વર્ષ જેટલો સમય ગાળો થયો છતાં આજદીન સુધી સહાય પણ ચુકવાઈ નથી જયારે કેઠલાક ને સહાય ચુકવાઈ છે તેમાંય સરકાર ધ્વારા ક્રુર મજાક કરવામાં આવી હોય તે રીતે સહાયની રકમ ચુકવાઈ છે.

જયારે ચાલુ સાલે પાક નિષ્ફળ માટે રાહત પકેજ જાહેર કર્યુ હતુ પરંતુ આ સહાય માં અરવલ્લી જીલ્લા ના એકપણ ખેડુત ને સહાય ન મળનાર હોવાથી અરવલ્લી જીલ્લા ના ખેડુતો માટે આ એક અન્યાય છે જયારે આ બાબતે ડીડીઓ ને ૧૦ જેટલા મુદ્દા ની રજુઆત સાથે કોગ્રેસ ધ્વારા આવેદનપત્ર આપવાનુ નકકી કરાયુ હતુ પરંતુ કોગ્રેસ ના સભ્યો ધ્વારા ડીડીઓ ધરણા સ્થળ પર આવીને આવેદનપત્ર સ્વીકારે તેવી માંગણી કરવામાં આવી હતી પરંતુ આ માગણી પુરી ના થતાં કોગ્રેસ કાર્યકરો જીલ્લા પંચાયત નો રસ્તો બ્લોક કરી દીધો હતા અને ડીડીઓ ને શ્રી રામ સદબુધ્ધી આપે તીવી રામધુન બોલાવી હતી અને હાય રે .....ડીડીઓ હાય.......હાય હલ્લબોલ હલ્લાબોલ તેમજ ભાજપ તેરી તાનાશાહી નહી ચલેગી નહી ચલેગી તેવા સુત્રો ઉચ્ચાર્યા હતા ત્યારે સભ્યો ધ્વારા જીલ્લા પંચાયત નો રસ્તો બ્લોક કરી દેતા જીલ્લા ની પોલીસ હરકત માં આવી હતી અને ડીવાયએસપી કીશોર બડોલીયા એલસીબી પી આઈ પી.કેપટેલ અને ટાઉન પી.આઈ ચૌધરી સહીતનો સ્ટાફ ઘટના પગે ખડકી દેવામાં આવ્યો હતો ત્યારે એક સમગ્યે પરીસ્થી વણસે તુવુ લાગી રહયુ હતુ પરંતુ ઉચ્ચ પોલીસ અધિકારીઓ ની સમજાવટ ના કારણે કોગ્રેસી આગેવાનો ડીડીઓ ની ચેમ્બર માં જઈ આવેદન પત્ર આપ્યુ હતુ આ બાબત સરકાર સુધી પહોચાડે તીવી કોગ્રેસ ના કાર્યકરો ધ્વારા માંગણી કરવામાં આવી હતી ત્યારબાદ કોગ્રેસ ધ્વારા મુખ્યમંતરી આનંદીબેન પટેલ નુ પુતળા દહન કરવામાં આવયુ હતુ.

### વિરોધ કરતા કરતાં કોગ્રેસ કાર્યકર ઢળી પડતા દોડધામ મચી

ભાજપ સરકાર ધ્વારા ખેડુતો ની પાક નિષ્ફળ ની સહાય ચુકવવામા જે ક્રુર મજાક કરી તે બાબતે કોગ્રેસ ધ્વારા ધરણા યોજી વિરોધ પ્રદશન યોજવા માં આવ્યો હતો ત્યારે તે સમયે ડીડીઓ એસી ચેમ્બર માંથી બહાર ના આવતા વિરોધ પ્રદશન કરતા કરતાં એક વડીલ કાગ્રેસી કાર્યકર ને ગરમી ના લીધે ચકકર આવતા ઢળી પડયા હતા ત્યારે આ કાર્યકર ઢળી પડવાને લીધે કોગ્રેસી કાર્યકરો માં દોડધામ મચી ગઈ હતી.

### ઉચ્ચ પોલીસ અધિકારીઓ નો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો

કોગ્રેસ કાર્યકરો જીલ્લા પંચાયત નો રસ્તો બ્લોક કરી દીધો હતા અને ડીડીઓ ને શ્રી રામ સદબુધ્ધી આપે તીવી રામધુન બોલાવી હતી અને હાય રે .....ડીડીઓ હાય.......હાય હલ્લબોલ હલ્લાબોલ તેમજ ભાજપ તેરી તાનાશાહી નહી ચલેગી નહી ચલેગી તેવા સુત્રો ઉચ્ચાર્યા હતા ત્યારે સભ્યો ધ્વારા જીલ્લા પંચાયત નો રસ્તો બ્લોક કરી દેતા જીલ્લા ની પોલીસ હરકત માં આવી હતી અને ડીવાયએસપી કીશોર બડોલીયા એલસીબી પી આઈ પી.કેપટેલ અને ટાઉન પી.આઈ ચૌધરી સહીતનો સ્ટાફ ઘટના પગે ખડકી દેવામાં આવ્યો હતા.

### પોલીસની દરમ્યાનગીરી બાદ ડીડીઓ આવેદનપત્ર સ્વીકાર્યુ

કોગ્રેસ કાર્યકરો ધ્વારા ખેડુતો ને સહાય ચુકવી સરકાર ધ્વારા જે મજાક કરવામાંઆવી હતી તે બાબતે કોગ્રેસ ના કાર્યકરો ધ્વારા ધરણા પ્રદશન યોજવા માં આવ્યુ હતુ અને ડીડીઓ ને આવેદનપત્ર આપવાની માંગણી કર હતી પરંતુ જીલ્લા વિકાસ અધિકારી બહાર આવે તેવી માુગણી સાથે કોગ્રેસે જીલ્લા પંચાયત નો રસ્તો બ્લોક કરી દીધો હતો ત્યારે આ બાબતે નાયબ જીલ્લા પોલીસ વડા કીશોર બડોલીયા એલસીબી પી આઈ પી.કેપટેલ અને ટાઉન પી.આઈ ચૌધરી સહીતની દરમ્યાનગીરી કર્યા બાદ ડીડીઓ એ આવેદનપત્ર સ્વિકાર્યુ હતુ.

# સોમનાથમાં દર્શન માટે બિન હિન્દુને મંજુરી લેવી જ પડશે

## જનરલ મેનેજરની ઓફિસથી પરવાનગી લીધા બાદ જ દર્શન થઇ શકશે : વધુ એક નવો વિવાદ સપાટીએ આવ્યો

અમદાવાદ, તા. ૩

વિશ્વપ્રસિદ્ધ સોમનાથ મંદિરમાં દર્શન માટે બિન હિન્દુ લોકોને હવે પરવાનગી લેવી પડશે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા પ્રવેશ દ્વારની બહાર બોર્ડ મુકી દેવામાં આવ્યા છે આના કારણે આગામી દિવસોમાં પણ ભારે વિવાદ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. બિન હિન્દુ લોકોને મંદિરમાં દર્શન કરવા માટે પરવાનગી લેવી પડશે તેમ સાફ શબ્દોમાં બોર્ડ ઉપર લખવામાં આવ્યું છે. તેમના ટ્રસ્ટ દ્વારા આ નવા બોર્ડ મુકવામાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે. સોમનાથમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે પહોંચે છે ત્યારે આ પ્રકારના બોર્ડ મુકવામાં આવ્યા બાદ આને લઈને ભારે ચર્ચા છે. શ્રી સોમનાથ મુખ્ય જ્યોર્તિલિંગ ધાર્મિક સ્થળ છે. આને હિન્દુઓના મુખ્ય સ્થળ તરીકે ગણવામાં આવે છે. અત્રે નોંધનીય છે કે, બિન હિન્દુ લોકોને આ પવિત્ર ધાર્મિક સ્થળમાં દર્શન કરવા માટે હવે એજ વખતે મંજુરી આપશે જ્યારે ટોચના લોકો મંજુરી આપશે. તેમને શ્રી સોમનાથ ટ્રસ્ટ પ્રભાસ પાટણની જનરલ મેનેજર ઓફિસમાંથી પરવાનગી લેવી પડશે. જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાના જણાવ્યા મુજબ આ એક સામાન્ય પ્રથા છે. તમામ ધાર્મિક સ્થળ ઉપર આ બાબત મહત્વપૂર્ણ બને છે. પુરીમાં જગન્નાથ મંદિર, અન્ય જગ્યાઓ ઉપર મુખ્ય મંદિરમાં પ્રવેશ કરવાની મંજુરી આપવામાં આવી નથી. બિન હિન્દુઓને દર્શન માટે પરવાનગી લેવી પડશે આ પ્રકારના બોર્ડ મુકી દેવામાં આવ્યા બાદ ભારે ખળભળાટ અન્ય સમુદાયના લોકોમાં જોવા મળી રહ્યો છે.



હાલમાં જ નોકરીને લઈને પણ વિવાદ થયો હતો. એક મુસ્લિમને નોકરી આપવાનો ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો જ્યારે અન્ય એક મુસ્લિમ યુવતીને ફ્લેટ આપવાનો ઈન્કાર કરાયો હતો.

# અરવલ્લીમાં કાર્બોઈડથી કેરી પકવતા વેપારી સામે સખત પગલા લેવા પ્રજાજનોની ઉગ્ર માંગ

## નગરપાલિકાના અધિકારીઓના આંખ આડા કાન

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં ઉનાળાની ઋતુ શરૂ થતાની સાથે જ બિલાડીના ટોપની જેમ કેરીઓના વેપારીઓ અને ફેરીયાઓ નગરમાં ઉમટી પડે છે. અને જિલ્લાના પ્રજાજનો અને મોડાસાના નગરજનોની જિંદગી જોખમમાં મુકવાના દાવપેચ શરૂ કરી કેરીઓને કાર્બોઈડથી પકવીને પ્રજાજનોના સ્વાસ્થ સામે ખીલવાડ કરવાનુ શરૂ કરી દે છે. ત્યારે કાર્બોઈડથી પકવેલી કેરીઓનો જથ્થો અને કાર્બોઈડને ઉપયોગમાં લેતા અટકાવવાનુ કામ નગરપાલિકા અને ફુડ એન્ડ ડ્રસ્ગ અધિકારીઓનું હોવા છતાં કેરીઓનો વેપાર કરતા વેપારીઓ જોડે સાંઠગાંઠ રચી કોઈ જ કાર્યવાહિ ન કરાતાં મોડાસા શહેરના નગરજનોએ જિલ્લા કલેકટર દ્વારા જવાબદાર તંત્ર અને અધિકારીઓ તથા કાર્બોઈડથી પકવેલી કેરીનો વેપલો કરતા વેપારીઓ સામે સખ્ત પગલા ભરે તેવી જિલ્લાના પ્રજાજનોની માંગ છે.

મોડાસા શહેરમાં કાર્બોઈડથી પકવેલી કેરીઓનું ધૂમ વેચાણ કરવામાં આવી રહ્યું છે. કાર્બોઈડથી પકવેલી કેરીઓ આરોગવાથી શરીર પર ચકામા લાબા ગાળે કેન્સર જેવા ગંભીર રોગો તેમજ બાળકોમાં ઝાડા-ઉલટી થવાનો ભય રહેલો છે. નગરમાં કાર્બોઈડથી પકવેલી જ કેરીઓનું વેચાણ કરવામાં આવી રહ્યું હોવાનું જો સામાન્ય પ્રજાને ધ્યાનમાં આવતું હોય તો મોડાસા નગરપાલિકાના અધિકારીઓ કે પછી ફૂડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓ દ્વારા અનદેખી કરી નગરજનોના સ્વાસ્થ જોખમમાં મુકી રહ્યા છે. કાર્બોઈડથી પકવેલી કેરીઓનો વેપલો કરતા વેપારીઓનો જેટલો ગુન્હો છે તેટલો જ વાંક જવાબદાર તંત્ર અને અધિકારીઓનો રહેલો છે.

મોડાસા નગરમાં ચર્ચાતી ચર્ચા મુજબ નગરપાલિકાના અધિકારીઓએ કાર્બોઈડથી પકવેલી કેરીઓ વેચતા વેપારીઓ અને ફેરીયાઓ જોડે લેતી-દેતીનો વહીવટ કરી ખુલ્લેઆમ કાર્બોઈડથી પકવેલી કેરીઓનું વેચાણ કરવા માર્ગ પુરો પાડી રહ્યા છે. ત્યારે અરવલ્લી જિલ્લા કલેક્ટર દ્વારા કાર્બોઈડથી પકવેલી કેરીઓનો વેપલો કરતા વેપારીઓ, ફેરીયાઓને ઝડપી પાડી સખ્ત કાર્યવાહી કરી દાખલો બેસાડવો જોઈએ જેથી ભવિષ્યમાં લોકોની જીંદગી જોખમાય નહી. તદ્ઉપરાંત નગરપાલિકાના અધિકારીઓ અને ફૂડ એન્ડ ડ્રગ્સના જવાબદાર અધિકારીઓ સામે નબળી કામગીરી અંગે સખ્ત પગલા ભરવામાં આવશે કે નહિ તે જોવું રહ્યું.

સોમવારે સાંજના માર્કેટયાર્ડમાંથી કાર્બોઈડનો જથ્થો મોટા પ્રમાણમાં પકડાયો હતો છતાં અધિકારી દ્વારા અઢી કિલો કાર્બોઈડ સરકારી ચોપડે નોંધી વેપારીને બક્ષવામાં આવ્યો હતો અને આ ઘટના અંગે જવાબદાર અધિકારીએ ઢાંક પિછોડો કરવાનો પ્રયત્ન કરતાં અધિકારીની કામગીરી અંગે પ્રશ્નાર્થ ઉભા થયા છે. આ ઘટના અંગે જિલ્લા કલેક્ટર તુરત કાર્યવાહી કરે તેવી લોક માંગ ઉઠી છે.

# માઈકાના ડીન તરીકે ડૉ. અતીશ ચટ્ટોપાધ્યાયની નિમણુંક

ગાંધીનગર,તા.૩

સ્ટ્રેટેજીક માર્કેટીંગ અને કોમ્યુનિકેશન ભારતની ટોચની મેનેજમન્ટ ઈન્સ્ટિટયુટ માઈકાએ તેના નવા ડીન તરીકે ડૉ. અતીશ ચટ્ટોપાધ્યાયના નામની આજે જાહેરાત કરી છે. ડો. અતીશ અગાઉ એસ.પી. જૈન ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચમાં માર્કેટીંગ પ્રોફેસર અને બે વર્ષનાં પીજીડીએમ (એમબીએ)નાં ડાયરેકટર ઈનચાર્જ તરીકે સેવાઓ આપતા હતાં. તેઓ મેનેજમેન્ટ શિક્ષણમાં પ્રવર્તમાન યુવા, ગતિશીલ વ્યવસાયિકોમાં ટોચનું સ્થાન ધરાવે છે.

ડૉ. અતીશ ચટ્ટોપાધ્યાયે એસ.પી. જૈન ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટના બે વર્ષના પીજીડીએમ પ્રોગ્રામનું ચાર વર્ષ સુધી સફળ સુકાન સંભાળ્યું છે. તેમના સમયગાળા દરમિયાન સંસ્થાનું એનરોલમેન્ટ વધ્યું હતું અને ૧૦૦ ટકા પ્લેસમેન્ટસનો વિક્રમ જળવાયો હતો.

માઈકામાં ડીન તરીકેની નિમણુંક અંગે પ્રતિભાવ આપતા ડૉ. અતીશ ચટ્ટોપાધ્યાયે જણાવ્યું હતું કે ભારતમાં લક્ષ્ય આધારિત, સાર રીતે અલગ પડતી અને સારું શાસન માળખું અને વૈશ્વિક દુરંદેશી ધરાવતી જૂજ મેનેજમેન્ટ સંસ્થાઓ છે. માઈકા આવી સંસ્થાઓ પૈકીની એક છે. માઈકામાં જોડાતા મને ઘણી જ ખુશી થઈ છે.

માઈકાના પ્રેસિડન્ટ અને ડાયરેકટર ડૉ. નાગેશ રાવે જણાવ્યું હતું કે ડિઝાઈન વૈચારિકતા અને સ્ટ્રેટેજીક માર્કેટીંગમાં નેતૃત્વતા જેવા ગુણો ધરવતા ડૉ. અતીશ માઈકામાં જોડાઈ રહ્યા છે જેનો અમને આનંદ છે. માઈકા પરિવારમાં અમે ડૉ.અતિશનું સ્વાગત કરીએ છીએ.

## શબ્દાવલી - ૫૭૫૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ■ | ૫ | ૬ | ૭ |
| ૮ | | | | ■ | ૯ | | |
| ■ | | ■ | ૧૦ | ૧૧ | | ■ | ■ |
| ૧૨ | ■ | ૧૩ | ■ | | ■ | ૧૪ | ૧૫ |
| ૧૬ | ૧૭ | | ■ | ૧૮ | | | |
| ૧૯ | | | ■ | | ■ | | ■ |
| ■ | | ■ | ૨૦ | ■ | ૨૧ | ■ | ૨૨ |
| ૨૩ | | | | ■ | ૨૪ | | |

### આડી ચાવી

૧. હવાલાદાર, ચોકી કરનાર માણસ (૪)
૫. ટાયરમાં ટાંકણી જેવી અણીદાર વસ્તુ ભરાય તો.. થાય (૩)
૮. કચકચ, ટકટકાર (૪)
૯. કુંભારનો ચાક (૩)
૧૦. ખોટી જીદ (૩)
૧૪. પરુ, પસી (૨)
૧૬. ખાંડની પૈતા જેવી બનાવટ (૩)
૧૮. બધા ભેગા થાય તેવો પ્રસંગ (૪)
૧૮. બધા ભેગા થાય તેવો પ્રસંગ (૪)
૧૯. આદર, આવકાર (૩)
૨૩. જકડી લેવું (૪)
૨૪. ડફ, એક વાદ્ય (૩)

### ઊભી ચાવી

૧. ત્વરાથી, ઝડપથી (૨)
૨. ખટમલ (૩)
૩. ખુરદો, સત્યાનાશ (૨)
૪. આંક (૩)
૫. ઓટલા પરિષદમાં બહેનો એકબીજાની ખોદણી કરે તે (૩)
૬. સળીઓનો પડદો (૨)
૭. ભેંકડો તાણવા કે રડવાની આજ્ઞા (૨)
૧૧. મનથી થયેલ મેળાપ (૪)
૧૨. તપસ્વી, સાધુ (૩)
૧૩. લગ્નમાં માયરામાં વરવધુને... જમાડવાની વિધિ(૩)
૧૫. અનિલ, વાયુ, હવા (૩)
૧૭. કોહવાટ (૨)
૨૦. તરત જ, ત્વરાથી (૪)
૨૧. છોડવું, નાનું ઝાડ રોપો(૨)
૨૨. નાની રુમ, ઘર (૨)

### શબ્દાવલી ૫૭૪૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) સુપેરે (૪) કાવડીયા (૭) બેન્શન (૮) પાળીયો (૯) દાન (૧૦) ચોલી (૧૨) નાપાક (૧૩) રાવ (૧૫) તાસક (૧૬) જટાયુ (૧૮) ખાપણુ (૧૯) મણીયારો (૨૧) લીરા (૨૨) વારો

**ઊભી ચાવી :-** (૧) સુબેદાર (૨) પેન્શન (૩) રેન (૪) કાપાલીક (૫) વળી (૬) ડીયો (૧૦) ચોપાનીયું (૧૧) આવકવેરો (૧૩) રાસ (૧૪) રાજપરા (૧૫) તાપણી (૧૭) ટાણું (૧૮) ખાલી (૧૯) મરો (૨૦) યાર

### ચિત્રકારોને શુભેચ્છા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. આવી સ્પર્ધાઓ યોજીને બાળ શક્તિને વધુ વિકસાવાશે અને તેના દ્વારા વાલીઓમાં પણ જાગૃતિ લાવવા પ્રયાસો કરાશે તેવો દૃઢ નિર્ધાર પણ વ્યક્ત કર્યો હતો.

ચિત્ર સ્પર્ધામાં વિજેતા થયેલા બાળ કલાકારોએ તથા તેમના વાલીઓએ રાજય સરકારના આ કલા પ્રેરક અભિગમની પ્રસંશા કરી હતી.

શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ વિદ્યાર્થીઓની ચિત્રકલાને બિરદાવતા જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની કલ્પનાઓ અને સમસ્યાઓની પીછી દ્વારા અભિવ્યક્તિ સ્પર્ધામાં અતિસુંદર રીતે રજૂ થઇ છે. વિદ્યાર્થીઓની પ્રતિભાને રાજય સરકારે ઉજાગર કરી છે. આ કાર્યક્રમ દ્વારા ગુજરાતને નવા ચિત્રકારોની ભેટ મળશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્વચ્છતા મિશનને આ સ્પર્ધામાં સુંદર રીતે સાંકળી લેવામાં આવ્યું છે.

શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી સુજીતકુમાર ગુલાટીએ સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, આ દ્વારા વિદ્યાર્થીઓની પ્રતિભાનો ખ્યાલ આવ્યો છે. જિલ્લા તથા રાજયકક્ષાના વિજેતા વિદ્યાર્થીઓ માટેની આજની આ ચિત્ર સ્પર્ધામાં કુલ ૩૮૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ગુજરાતના જાણીતા ચિત્રકાર અને કવિ શ્રી માધવ રામાનુજે ચાવીરૂપ પ્રવચનમાં જણાવ્યું હતું કે, શિક્ષણ અને સાંસ્કૃતિક બાબતોમાં સરકાર દ્વારા પુરતો અવકાશ પુરો પાડવામાં આવી રહયો છે. સુવિધાઓ પણ મળી રહી છે. આજે ચિત્ર પણ ઉત્તમ વ્યવસાય થઇ શકે છે. તેમણે સ્વચ્છતા અને કરકસરને જીવનમાં અપનાવવા શીખ આપી હતી.

પ્રતિભાવમાં વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, અહીં મુકાયેલા દરેક ડ્રોઈંગ સરસ છે. આવી સ્પર્ધાઓ સતત થવી જોઈએ. અન્ય વિદ્યાર્થીની ટીના પટેલે જણાવ્યું હતું કે, મારો આ અનુભવ સારો રહયો છે. વિદ્યાર્થીના પિતા અમીત પટેલે જણાવ્યું હતું કે, વાલી તરીકેનું ગૌરવ મને ગુજરાત સરકારે આપ્યું છે. આગળ વધવામાં પણ ગુજરાત સરકારે મદદ કરી છે. સંતરામપુરના એક વાલીએ જણાવ્યું હતું કે, આ સ્પર્ધામાં બાળકો સ્વચ્છતાનો સંદેશો લઈને આવ્યા છે અને પીછીથી તેમની વાત-સંદેશો રજૂ કર્યો છે. આ પ્રસંગે કેટલાક વિદ્યાર્થીઓએ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને મુખ્યમંત્રીશ્રીના સુંદર સ્કેચ આપ્યા હતા.

આ પ્રસંગે રાજયના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મહિલા અને બાળ કલ્યાણ તથા ઉચ્ચ શિક્ષણ રાજય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી, રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજયમંત્રી શ્રી નાનુભાઈ વાનાણી, રાજય ઉર્જા મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ, સાંસદ શ્રી કિરીટ સોલંકી, ધારાસભ્ય શ્રી જનક કાછડિયા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

### મોરબીના ઔદ્યોગિક ગ્રાહકોને અપાતા ગેસના ભાવમાં ઘટાડો

મોરબીનો સિરામિક ઉદ્યોગ સમગ્ર દેશના ૭૦ ટકાથી વધારે સિરામિક ટાઈલ્સનું ઉત્પાદન કરે છે. મોરબીના સિરામિક ઉદ્યોગની રજૂઆતને ધ્યાનમાં રાખી અને તેના વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પટેલે તા. ૧-૬-૨૦૧૫થી અમલી બન તે રીતે આજે નેચરલ ગેસનો ભાવ રૂ. ૨૯.૦૦ પ્રતિ સ્ટાન્ડર્ડ કયુબીક મીટર (એસસીએમ) નક્કી કરેલ છે.

ઉપર મુજબના ગેસના ભાવમાં ઘટાડાથી મોરબી વિસ્તારમાં આવેલા સિરામીક ઉદ્યોગોમાં નેચરલ ગેસનો વપરાશ વધશે અને પર્યાવરણનું જનત થશે. આ ઉપરાંત માનનીય મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ ગેસના ભાવમાં ઘટાડાને પરિણામે મોરબી સિરામિક ઉદ્યોગ વૈશ્વિક માર્કેટમાં અગ્રણી એવા ચાઈનીસ સિરામીક ઉદ્યોગને સ્પર્ધાત્મક ટકકર આપી શકશે.

### ધોરણ-૧૦નું પરિણામ...

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ફૂટેજનું બોર્ડના અધિકારીઓ દ્વારા નિરીક્ષણ કરવામાં આવ્યું છે. જેના અંતે ગેરરીતીના કિસ્સા બદલ યોગ્ય પગલા પણ લેવાશે. શિક્ષણ બોર્ડ દ્વારા અગાઉ તા. ૨ જૂનના રોજ ધો-૧૦નું પરીણામ જાહેર કરવાની જાહેરાત કરવામાં આવી હતી જયારે ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની જેમ ધો-૧૦ના પરિણામની તારીખમાં પણ ફેરફાર કરી બે દિવસ મોડુ અલબત્ત ૪ જૂનના રોજ પરિણામ જાહેર કરવાનો નિર્ણય લેવાયો છે.

ધો-૧૨ના વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહનું પરીણામ ગત વર્ષની સાપેક્ષમાં ઓછુ આવતા એ-વન ગ્રેડમાં પણ વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાનું સ્પષ્ટ થયું છે. ત્યારે ધો-૧૦માં ગણિતના અઘરા પ્રશ્નપત્રના અંતે પરીણામલક્ષી ઉત્તેજના વધી છે. આખરે પરિણામની ઈન્તેજારીનો અંત આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓની આતુરતાનો પણ અંત આવ્યો છે.

### નામ બદલેલ છે

મારું જુનું નામ સોનલબહેન વિવેકકુમાર શાહ હતું તે બદલીને નવું નામ સોનલબહેન સુરેશચંદ્ર ત્રિવેદી રાખેલ છે.

સરનામું : બી-૧૦, મેઘદૂત એપાર્ટમેન્ટ, મોડાસા, જી. સાબરકાંઠા. પીન નં. ૩૮૩૩૧૫

ટચૂકડી જાહેર ખબર

### વેચવાની છે

સેક્ટર નં.૩૦માં વાણિજ્ય અને રહેણાંકના હેતુવાળી, બે-શટર, આગળ-પાછળ પાર્કીંગની જગ્યા, ૮૭.૫ ચો. મીટર, આર.સી.સી. બાંધકામવાળી દુકાન, જુન-૨૦૧૫માં થનાર ઈ-હરાજીની દુકાનોના ભાવ ધ્યાનમાં રાખી વ્યાજબી ભાવે વેચાણથી આપવાની છે.

ફોન : ૯૬૬૨૩૫૮૪૪૦

### જાહેર નિવિદા નં. : ૦૧ : વર્ષ ૨૦૧૫-૧૬

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ પેટા વિભાગ, બ્લોક નં. ૨૩૮, ગ-ટાઈપ, સેક્ટર-૯, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૨૫૧૫૮ દ્વારા નીચે દર્શાવેલ કામના અનુભવ ધરાવતા સ્થાનિક ઈજારદારો પાસેથી વાર્ષિક ધોરણે ભાવપત્રકો મંગાવવામાં આવે છે.

કોરા ભાવપત્રક તા. ૧૭/૬/૨૦૧૫ સુધી (સમય - ૧૬-૦૦ કલાક સુધી) આપવામાં આવશે અને ભરેલા ભાવ પત્રકો રજીસ્ટર્ડ પોસ્ટ / સ્પીડ પોસ્ટ દ્વારા તા. ૨૪/૬/૨૦૧૫ સુધી (સમય ૧૬-૦૦ કલાક સુધી) પરત સ્વીકારવામાં આવશે. અને ભાવપત્રકો તા. ૨૫/૬/૨૦૧૫ સમય ૧૨-૦૦ કલાકે (શકય હશે તો) ખોલવામાં આવશે. ભાવપત્રકો સાથે બાનાની રકમ કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગરના નામની રાષ્ટ્રીયકૃત બેંકની ૧૮૦-દિવસની અવશ્ય બીડવાની રહેશે. અન્યથા ભાવપત્રકો રદ ગણવામાં આવશે.

વધુ વિગતો માટે અત્રેની કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો.

| અ. નં. | કામનું નામ | (૧) અંદાજીત રકમ (રૂ.) (૨) બાનાની રકમ (રૂ.) (૩) ટેન્ડર ફી (રૂ.) (૪) ઈજારદારશ્રીની શ્રેણી |
|---|---|---|
| (૧) | એન્યુઅલ એમ. એન્ડ આર. ટુ સ્પ્લીટ એન્ડ વિંડો એર કંડીશનીંગ મશીન્સ, વૉટર કુલર સબમર્સીબલ મોટર એન્ડ સિલિંગ ફેન એટ સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, ગાંધીનગર | (૧) રૂ. ૧૮૬૫૪૭-૦૦ (૨) રૂ. ૨૦૦૦-૦૦ (૧૮૦ દિવસની મુદત) (૩) રૂ. ૬૦૦-૦૦ (૪) આવા પ્રકારના કામના અનુભવી |

માહિતી/૫૩૪/૨૦૧૫-૧૬